INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૯-૦૯-૨૦૨૩

- **કચ્છની ખાડીમાંથી 800 કરોડનું કોકેઈન ઝડપાયું. ડ્રગ્સનો વેપાર કરનાર કેમ પકડાતા નથી ? અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ પણ મોકલનાર કે ખરીદનાર કેમ પકડાતા નથી ? ગજબ કહેવાય... !**
- **દેશના યુવાનોને રોજગારને બદલે ડ્રગ્સ તરફ ધકેલનાર કોણ ? કરોડો રૂપિયાનું ડ્રગ્સ-નશીલા મુદ્દામાલ વારંવાર ઠલવાઈ રહ્યા છે, શું આ છે ભાજપનું સુશાસન મોડલ ?**

દેશના ભવિષ્ય સમા યુવાનોને નશા, વ્યસનના અધંકારમાં ધકેલવાનું સુનિયોજિત ષડયંત્રને ડામવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધી- સરદારની ભૂમિ ગુજરાત સુખ, શાંતિ, સલામતી અને એકતા માટે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતનો ઈતિહાસ ગાંધી-સરદારનો વારસો છે. પરંતુ ભાજપ સરકારે ગુજરાતનું ભવિષ્ય એવા યુવાનોને ડ્રગ્સના હવાલે સોંપી દીધું છે. દેશમાં ડ્રગ્સનું સૌથી મોટું પ્રવેશદ્વાર કેમ ગુજરાતની ભૂમિ બની રહી છે? કચ્છમાંથી 800 કરોડ રૂપિયાનું 80 કિલોથી વધુ ડ્રગ્સ કોકેઈન દરિયાકિનારે બિનવારસી સ્થિતીમાં મળી આવ્યું. દેશમાં ડ્રગ્સ-નશીલા પદાર્થોના વેપારનું મુખ્યદ્વાર ભાજપ સરકારનાં શાસનમાં ગુજરાત રાજ્ય બન્યું છે. સમગ્ર દેશમાં નશીલા પદાર્થ - ડ્રગ્સ પહોંચાડવા માટેનું ગુજરાત રાજ્ય એપી સેન્ટર બન્યું છે. સરકારની ઢીલી નીતિના કારણે ડ્રગ્સ પેડલર્સ - ડ્રગ્સ માફીયાઓમાં પોલીસ અને પ્રશાસનને જરાય ડર રહ્યો નથી. જેના પગલે ગુજરાતમાં ખુલ્લેઆમ દારુ, જુગારની સાથે સાથે ડ્રગ્સ ખુલ્લેઆમ વેચાઇ રહ્યો છે. જે આપણા સૌ ગુજરાતીઓ માટે ખૂબ ચિંતાનો વિષય છે. ગુજરાતમાં છાસવારે પકડાતું ડ્રગ્સ અને નશીલા પદાર્થોના નાની માછલીઓ પકડી મોટા મગરમચ્છો પકડવામાં અને ડ્રગ્સના નેક્શસને તોડવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. તેવું એક પછી એક ઘટનાથી સ્પષ્ટ થઇ રહ્યું છે. ડ્રગ્સ - માદક - નશીલા પદાર્થોના સુનિયોજિત વ્યાપારને કારણે યુવા પેઢીનું ભવિષ્ય અંધકારમાં ધકેલાઇ રહ્યું છે. સુનિયોજીત રીતે ચાલતા ડ્રગ્સના વ્યાપારને રોકવાને બદલે ભાજપ સરકારના શાસનમાં ડ્રગ્સનો વેપલો ફુલ્યો ફાલ્યો છે ત્યારે નાર્કોટીક્સ ડીપાર્ટમેન્ટ, ડી.આર.આઇ., ઇ.ડી., સી.બી.આઇ. સહિતની સંસ્થાઓને વિપક્ષના નેતા - આગેવાનો પાછળ લગાવવાના બદલે ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોને સુરક્ષાને કેન્દ્ર સ્થાને રાખી હોત તો આજે ગુજરાત ડ્રગ્સના વેપારનું એપી સેન્ટર ન બન્યું હોત... !

છેલ્લા પાંચ વર્ષમાં 6000 કિગ્રા થી વધુ ડ્રગ્સનો જથ્થો પકડાયો જેની કિંમત આશરે 50,000 કરોડ થી વધુ થાય છે ત્યારે ન પકડાયેલ જથ્થો કેટલો જંગી હશે તેની કલ્પનાથી દેશના યુવાનોના ભવિષ્ય કેટલું

બરબાદ થશે ? તે અતિ ચિંતાજનક છે. ગુજરાતમાં કોકેન, એમ.ડી., એલ.એસ.ડી., ક્રીમ ચરસ, બ્રાઉન શુગર કે ગાંજો પળવારમાં હોમ ડીલીવરી થઇ જાય છે. ભાજપ સરકાર દારૂ બંધી - વ્યસન બંધી સામે માત્ર તપાસના આદેશ આપી સમગ્ર ઘટના લીપાથોપી કરે છે. મોટા પાયે હપ્તાનું ગોઠવણ લાભાલાભ ન હોય તો આટલુ મોટુ ડ્રગ્સ માફીયાનું સુનિયોજીત વેપાર તંત્ર કઇ રીતે ચાલી શકે ? અફઘાનિસ્તાન, પાકિસ્તાન સહિતના વિદેશોમાંથી આવતુ ડ્રગ્સ એ રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે ત્યારે સરહદી વિસ્તાર અને 1600 કિ.મી.ના દરિયાકિનારા પર ઠલવાઇ રહેલા કરોડો રૂપિયાના ડ્રગ્સની હેરાફેરી કરનાર અને કરાવનાર માફીયાઓના મુળ સુધી પગલા ભરવા જોઇએ.

| **તારીખ** | **કિ.ગ્રા.** |
|---|---|
| સપ્ટેમ્બર-2023 | 80 kg |
| ઓગસ્ટ-2022 | 112.50 kg |
| મે-2022 | 50 kg |
| એપ્રિલ-2022 | 28 kg |
| એપ્રિલ-2022 | 205.6 kg |
| સપ્ટેમ્બર-2021 | 2998 kg |
| એપ્રિલ-2021 | 30 kg |
| જાન્યુઆરી-2020 | 35 kg |
| મે-2019 | 280 kg |
| માર્ચ-2019 | 100 kg |
| ઓગસ્ટ-2018 | 100 kg (હેરોઇન) |
| જુલાઇ-2017 | 1500 kg (હેરોઇન) |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા